જા.ન.જહોમ/મ-૨/કરારીય/તજજ્ઞ/નિમણૂંક/૨૦૨૩
મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ
સર્જનશ્રીની કચેરી,જ.હો.મહેસાણા
Email:cdmo.health.mehsana@gmail.com
ફોન નં-૦૨૭૬૨-૨૯૭૩૦૦
તા.૧૪/૦૬/૨૦૨૩

**કાર્યાલય આદેશ:-** ૨૭૯-૯૦ મ-૨/૨૦૨૩

વિષય :- મહેસાણા જીલ્લા ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્ર/જીલ્લા અને તાલુકા કક્ષાની સરકારી હોસ્પિટલો ખાતે તજજ્ઞ વર્ગ- ૧ ને કરારીય ૧૧(અગિયાર) માસની નિમાણૂંક આપવા કમિટીની રચના કરવા બાબત.

સંદર્ભ:- (૧) સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૦૩/૦૪/૨૦૨૦ના ઠરાવ નં.જી.એમ.એસ. ૧૦૨૦ ૨૦/૪૨૭/થ/
(૨) અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ગાંધીનગરના તા૧૨/૦૬/૨૦૨૩ના પત્ર અન્વયે

રાજ્યમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર/ સરકારી હોસ્પિટલો/સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલો ખાતે તજજ્ઞ વર્ગ-૧ ના ડોકટરોને ખાલી જગ્યા પર પુર્ણકાલીન ૧૧(અગિયાર) માસના કરારીય ધોરણે ખાનગી પ્રેકટીસની છુટ સાથે તથા ખાનગી પ્રેકટીશની છુટ વિના નિમણૂંક આપવા સંદર્ભ(૧)માં દર્શાવેલ સરકારશ્રીના તા.૦૩/૦૪/૨૦૨૦ ના ઠરાવથી યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે સબબ સંદર્ભ(૨)માં દર્શાવેલ વડી કચેરીના તા.૧૨/૦૬/૨૩ ના પત્રમાં જણાવ્યાનુસાર સંદર્ભ-(૧)ના ઠરાવની શરત નં-૨૫ અન્વયે જીલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લાના કલેકટરશ્રીની અધ્યક્ષતામાં એક સમિતિ ની રચના કરી જીલ્લા કક્ષાએ નિમાણુક આપવાનુ નક્કી કરેલ છે.

સંદર્ભ-(૧)ના ઠરાવની શરત નં-૨૫ અન્વયે મહેસાણા જીલ્લા ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્ર/જીલ્લા અને તાલુકા કક્ષાની સરકારી હોસ્પિટલો ખાતે તજજ્ઞ વર્ગ-૧ ના ડોકટરોને ખાલી જગ્યા પર પુર્ણકાલીન ૧૧(અગિયાર) માસના કરારીય ધોરણે ખાનગી પ્રેકટીસની છુટ સાથે તથા ખાનગી પ્રેકટીશની છુટ વિના નિમાણૂંક આપવા નીચે મુજબની સમિતિની રચના કરવાના આથી આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | સભ્યો | હોદ્દો |
|---|---|---|
| (અ) | જીલ્લા કલેકટરશ્રી | અધ્યક્ષ |
| (બ) | જિલ્લા વિકાસ અધિકારી શ્રી | સભ્ય |
| (ક) | જીલ્લાના મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી (CDMO) | સભ્ય સચિવ |
| (ડ) | જીલ્લાના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશી (CDHO) | સભ્ય |

સદરહુ સમિતિએ સંદર્ભ(૧)માં દર્શાવેલ સરકારશ્રીના તા.૦૩/૦૪/૨૦૨૦ ના ઠરાવની તમામ શરતો ધ્યાને લઇ નિમાણુક આપવાની રહેશે.
(નોંધ પર મળેલ કલેકટરશ્રીની મંજુરીનુસાર)

મુખ્ય જિલ્લા તબીબી અધિકારી
સહ સિવિલ સર્જન
જનરલ હોસ્પિટલ મહેસાણા

પ્રતિ,

(૧) માનનીય અધ્યક્ષશ્રી, જીલ્લા કલેકટરશ્રી, મહેસાણા
(૨) સભ્યશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, મહેસાણા
(૩) સભ્યશ્રી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, મહેસાણા

નકલ સવિનય રવાના : અધિક નિયામકશ્રી તબીબી સેવાઓ, ગાંધીનગર